ખંભાતના કાણીસામાં બાળકી પર દુષ્કર્મ અને હત્યાના કેસમાં યુવકને ડબલ ફાંસીની સજા

ખંભાતના કાણીસા ગામમાં વર્ષ 2019ના બેસતા વર્ષના દિવસે યુવકે હેવાનિયતભર્યું કૃત્ય આચર્યું

સાત વર્ષની માસુમ બાળકી પર પાશવી દૂષ્કર્મ આચરી ગળુ દબાવી હત્યા કરવાના કેસમાં ઐતિહાસિક ચુકાદો

સહેલી સાથે રમતી બાળકીને બિસ્કીટ અપાવવાની લાલચ આપી સીમ વિસ્તારમાં લઇ જઇ દૂષ્કર્મ ગુજારી ગળુ દબાવી હત્યા કરી લાશને કાંસમાં ફેંકી દીધી હતી

(પ્રતિનિધિ) આણંદ તા.25

ખંભાતના કાણીસા ગામમાં રહેતા શ્રમિક પરિવાર માટે વર્ષ 2019માં બેસતા વર્ષનો દિવસ આઘાતજનક રહ્યો હતો. 28મી ઓક્ટોબર, 2019ના રોજ બેસતા વર્ષ નિમિત્તે નવા કપડાં પહેરી સાત વર્ષની બાળકી તેની સહેલી સાથે ફળીયામાં રમતી હતી. આ સમયે ગામનો શખ્સ તેને બિસ્કીટ અપાવવાની લાલચ આપી સીમ વિસ્તારમાં લઇ જઇ પાશવી રીતે દૂષ્કર્મ આચર્યું હતું. બાદમાં બાળકીનું ગળુ દબાવી ક્રુર હત્યા કરી લાશને કાંસમાં ફેંકી દીધી હતી. આ જઘન્ય અપરાધની કોર્ટે ગંભીર નોંધ લઇ આરોપીને ડબર ફાંસીની સજા ફટકારી ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

ખંભાતના કાણીસા ગામમાં રહેતા પરિવારની સાત વર્ષની બાળકી 28મી ઓક્ટોબર,2019 (બેસતા વર્ષના દિવસે) બપોરના સુમારે ઘર પાસે રમતી હતી. આ દરમિયાન ગામમાં રહેતો અર્જુન ઉર્ફે દડો અંબાલાલ ગોહેલ (મકવાણા) (ઉ.વ.24) (રહે.રાચડીયું ફળીયુ, કાણીસા) આવ્યો હતો. તેણે સાત વર્ષની બાળકીને બિસ્કીટ આપવાની લાલચ આપી પોતાની સાથે લીધી હતી. જોકે, આ સમયે અન્ય બાળકીઓ પણ સાથે આવતા તેને પરત મોકલી દીધી હતી અને માત્ર સાત વર્ષની બાળકીને સાથે લઇ ગયો હતો. જોકે, મોડી સાંજ સુધી બાળકી ઘરે ન આવતા પરિવારજનો ચિંતિત બન્યાં હતાં અને તેની શોધખોળ હાથ ધરી હતી. આ દરમિયાન ગામના કામનાથ મહાદેવ મંદિર પાછળ આવેલા પાણીવાળા કાંસમાંથી બાળકીનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળી આવતાં પરિવારજનો ચોંકી ગયાં હતાં. આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં જ ઘટના રેપ વીથ મર્ડર દેખાતાં મૃતદેહને

પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. આ અંગે આસપાસમાં પુછપરછ કરતાં બાળકી છેલ્લે અર્જુન ઉર્ફે દડો અંબાલાલ ગોહેલ (મકવાણા) સાથે જોવા મળી હતી. આ ઘટનામાં તેની સંડોવણી ખુલતાં પોલીસે અર્જુન સામે ઇપીકો કલમ 363, 376, 302, 201, તથા પોક્સો અધિનિયમ 2012ના કલમ 18, 4, 6 મુજબ ગુનો નોંધી કલાકોમાં જ તેની ધરપકડ કરી હતી.

આ બનાવના પંથકમાં ઘેરા પડઘા પડ્યાં હતાં. પોલીસે પણ સમગ્ર મામલાની ગંભીરતા આધારે અર્જુન ઉર્ફે દડાની પુછપરછ કરી હતી. આ ઉપરાંત એફએસએલની મદદથી પુરાવા એકત્રિત કરવામાં આવ્યાં હતાં. બાદમાં જરૂરીવિધી કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી.

આ કેસ ખંભાતની સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. આ કેસની ગંભીરતા ધ્યાને લઇ સરકાર દ્વારા ખાસ સરકારી વકિલ રઘુવીર પંડ્યાની નિમણૂંક કરવામાં આવી હતી. જેઓ દ્વારા ચાર્જશીટમાં જણાવેલા સાહેદો, નજરે જોનારા સાક્ષી, મેજીસ્ટ્રેટ, એફએસએલ અધિકારી, ડીએનએ ટેસ્ટ કરનારા અધિકારીઓની જુબાની લીધી હતી. આ ઉપરાંત 39 જેટલા દસ્તાવેજી પુરાવા સાથે સરકારી વકીલ રઘુવીર પંડ્યાએ આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માગણી કરી હતી. આમ, ન્યાયધિશે દલીલ, પુરાવા અને સાક્ષીઓની જુબાની ધ્યાને રાખી વિવિધ કલમ હેઠળ આજીવન કેદ અને મૃત્યુદંડની સજા ફટકારી હતી. જેમાં હત્યા બદલ મૃત્યુદંડ અને પોક્સો એકટ 6 બદલ મૃત્યુ દંડ એમ બેવડા મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ ઉપરાંત ભોગ બનનારી દિકરીના વાલીને જુદા જુદા હેડ અન્વયે કુલ રૂ.13.50 લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખંભાત ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં તત્કાલિન સમયે ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એન.એમ. રામીએ પ્રાથમિક તપાસ કરી હતી. બાદમાં પોલીસ ઇન્સ્પેક્ટર એન.કે. ચૌહાણ દ્વારા આગળની તપાસ સંભાળવામાં આવી હતી. આ તપાસમાં ખૂબ જ ચોકસાઇથી કરાઇ હતી. ટીમ દ્વારા જરુરી તમામ પુરાવાઓ મેળવી માત્ર દોઢ મહિનામાં ચાર્જશીટ તૈયાર કરી દેવામાં આવી હતી.

અર્જુનને 220 સવાલો કરાયા

કોર્ટે અર્જુનને સજા સંભાળતા પહેલા સીઆરપીસીની કલમ 113 મુજબ 220 જેટલા સવાલો પુછ્યાં હતાં. આ તમામમાં અર્જુનને ગુનો કબુલવા ના પાડી હતી. પરંતુ છેલ્લે તેણે એટલી કબુલાત કરી હતી કે, તેણે બાળકીને દુકાન પરથી મમરાં અને બિસ્કીટનું પેકેટ અપાવી જતો રહયો હતો અને તેના ફઇબાના ખેતરમાં જતો રહ્યો હતો.

બાળકીની સહેલીની જુબાનીને સૌ કોઇએ દાદ આપી

અર્જુને જે સમયે માસુમ બાળકીને પોતાની સાથે લીધી તે સમયે તેની સહેલીએ બન્નેને સાથે જોયાં હતાં. આ બાળકીની જુબાની લેવામાં આવી હતી. આ બાળકીની માનસિકતા ચકાસવા માટે કોર્ટે તેને કેટલાક સવાલ કર્યાં હતાં. જેના બાળકી દ્વારા અપાયેલા સ્પષ્ટ જવાબ સાંભળી હાજર સૌએ તેને દાદ આપી હતી. કોર્ટે તેના નામ સાથે અભ્યાસ પૂછ્યો હતો. આ સમયે તેણે 9TH શબ્દનો ઉપયોગ કર્યો હતો. જેથી કોર્ટે તેને તે ક્યાં છે? તેનો અંગ્રેજીમાં જવાબ આપ્યો હતો. આ સમયે પણ બાળકીએ 'આઇ એમ ઇન કોર્ટ' તેવો જવાબ આપ્યો હતો. આવા અન્ય કેટલાક સ્પષ્ટ જવાબથી દાદ મળી હતી.

અર્જુન ઉર્ફે દડાના મગજમાં પહેલેથી જ પ્લાનીંગ હતું

સરકારી વકીલ રઘુવીર પંડ્યાએ જણાવ્યું હતું કે, સાત વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મ ગુજારી તેની હત્યા કરવાનું અર્જુનના મગજમાં પહેલેથી જ હતું. આથી, તેણે બિસ્કીટની લાલચ આપી બાળકીને

સાથે લીધી હતી. આ સમયે અન્ય બાળકી સાથે આવતા તેને પરત મોકલી દીધી હતી. જ્યારે સૌથી મહત્વની કડીમાં માજી સરપંચ અશ્વીનભાઇ પટેલ બન્યાં હતાં. આ અશ્વીનભાઇએ રસ્તામાં અર્જુનને બાળકી સાથે જોયો હતો. અર્જુને પણ તેની પાસે બિસ્કીટ અપાવવા રૂ.20 માંગ્યાં હતાં. પરંતુ અશ્વીનભાઇએ આપ્યાં નહતાં. જ્યારે બચાવ પક્ષે અશ્વીનભાઇની જુબાની લીધી તે સમયે એક સવાલના જવાબમાં અર્જુનના ફળીયાના 40 પરિવારમાંથી 30ની ઓળખ કરી દીધી હતી. આ ઉપરાંત મંદિર નજીક પણ અરવિંદભાઇએ તેને જોયો હતો.

અર્જુન ઉર્ફે દડાને કઇ કલમમાં કેટલી સજા ફટકારવામાં આવી ?

- **ઇપીકો કલમ 363 :** સાત વર્ષ અને રૂ.10 હજારનો દંડ. જો દંડ ન ભરે તો બીજા બે માસની કેદ.
- **ઇપીકો કલમ 376 (3) :** આજીવન કેદની સજા અને દંડ ન ભરે તો બીજા ચાર માસની કેદ.
- **ઇપીકો 302 :** મૃત્યુદંડની સજા અને રૂ.50 હજારનો દંડ અને દંડ ન ભરે તો બીજા એક વર્ષની સજા.
- **ઇપીકો કલમ 201 :** સાત વર્ષની કેદ અને રૂ.10 હજારનો દંડ. જો દંડ ન ભરે તો બીજા બે માસની કેદ.
- **પોક્સો એકટ 2012ની કલમ 4 :** આજીવન કેદની સજા અને રૂ.20 હજારનો દંડ. જો દંડ ન ભરે તો બીજા ચાર માસની કેદ.
- **પોક્સો એકટમ કલમ 6 :** મૃત્યુદંડની સજા અને રૂ.50 હજારનો દંડ અને જો દંડ ન ભરે તો બીજા એક વર્ષની સજા.

નડિયાદ મનપા દ્વારા હનુમાન પાર્કની બાજુમાં મકાન તોડી પડાયાં

બીજા દિવસે પણ ડિમોલેશનની કામગીરી ચાલુ રખાઇ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સતત બીજા દિવસે ટીપી આઠમાં માર્કિંગ કરવાની કામગીરી કરાઈ છે. ડી માર્ટ ની સામે થી શરૂ થઈ અને પીપલક તરફ જતા રિંગ રોડ માટે 36 મીટર નો રોડ બનાવવા માટે વચ્ચે અધિગ્રહણ કરાયેલી તમામ જગ્યાએ કાચા અને પાકા બાંધકામો તોડવામાં આવી રહ્યા છે.

નડિયાદ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા આજે ડીમાર્ટ થી અંદર જતા હનુમાન પાર્કની બાજુમાં માર્કિંગ શરૂ કરાયું હતું. કા રોડ પર 36 મીટર પહોળો રીંગરોડ બનાવવાનો હોવાથી અત્રે હરમન પાર્કની બાજુમાં કાચા મકાનો અને નડતરરૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. સુંદરકુઈમાં જ્યાં મકાનો તોડવામાં આવ્યા હતા તે સ્થાને થી માંડી ડિમાર્ટ તરફના રોડ પર 36 મીટર પહોળો રોડ બનાવવા માટે માર્કિંગ કરાયું છે અત્રે બ્રિજ પણ બનાવવાનો હોય તે મુજબ માર્કિંગ કરી કાર્યવાહી હાથ કરવામાં આવી છે. દબાણ વિભાગ ની ટીમ સાથે પહોંચેલા મનપા પ્રશાસન દ્વારા આજે વહેલી સવારથી જ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ડી માર્ટથી પીપલદ ચોકડી તરફના આ રોડનું માર્કિંગ કરી પ્રાયોગિક કામગીરી પૂર્ણ કરાવી છે.

ખેડૂતો માટે આઈ પોર્ટલ ખુલ્લુ મુકાયું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.25

મહીસાગર જીલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે 2025-26માં બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનાં લાભ લેવા માટે નવીન આઈ ખેડૂત પોર્ટલ 2.0 (https://ikhedut.gujarat.gov.in) 24મી એપ્રિલથી 31મી મે,2025 સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ નવીન આઈ ખેડૂત પોર્ટલ 2.0 પર યુઝર મેન્યુઅલ મુજબ અરજી કરતા પહેલા ખેડૂતોએ મોબાઈલ નંબર દ્વારા રજીસ્ટ્રેશન કર્યા બાદ ઓનલાઈન અરજી કરી અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે.

જમ્મુ - કાશ્મીરમાં આતંકવાદી હુમલા સામે વીરપુરના નગરજનોમાં ભારે રોષ

વીરપુરમાં પુતળાનું દહન કરાયુ વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો

હિન્દુ - મુસ્લિમ તમામ વેપારીએ સજ્જડ બંધ પાળી એકતા દર્શાવી

(પ્રતિનિધિ) વીરપુર તા.25

વીરપુર નગરમાં પહલગામના આંતકવાદી હુમલામાં પડઘા જોવા મળ્યાં હતાં. આ આતંકવાદી હુમલાના વિરોધમાં વીરપુરના વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો. જેમાં હિન્દુ - મુસ્લીમ તમામ વેપારીઓ જોડાઇને એકતા દર્શાવી હતી. જ્યારે આતંકવાદના પુતળાનો દહન કરી દેખાવો પણ યોજવામાં આવ્યાં હતાં.

વીરપુરમાં જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પગલે ભારે રોષની લાગણી જોવા મળી હતી. આ ઘટનાના વિરોધમાં વીરપુર નગરના વેપારીઓએ શુક્રવારના રોજ સજ્જડ બંધ પાળ્યો હતો. આ ઉપરાંત રેલી યોજીને આતંકવાદી પુતળાનું દહન કરી પાકિસ્તાન વિરૂદ્ધ નારા લગાવ્યાં હતાં. આ દેખાવમાં વીરપુર તાલુકાના વેપારીઓ, હિન્દુ સંગઠનો અને મુસ્લિમ સમાજના આગેવાનો જોડાયાં હતાં. વીરપુર બજાર સંપૂર્ણપણે બંધ જોવા મળ્યું હતું. આ બંધમાં વેપારીઓની એકતા જોવા મળી હતી.

વીરપુરમાં મુકેશ્વર ચોકડીથી રેલીનો પ્રારંભ થયો હતો અને નગરના વિવિધ વિસ્તારોમાં બેનરો અને પ્લેકાર્ડ સાથે રેલીમાં 'આતંકવાદ મુર્દાબાદ', 'પાકિસ્તાન હાય હાય' અને 'દેશદ્રોહીઓને નહીં છોડાય' જેવા તીખા નારા ગુંજતા રહ્યાં હતાં. આ રેલી માત્ર શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ હતી. જેમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું.



તસવીરઃ નાથુસિંહ પરમાર

કપડવંજ તાલુકામાં બંધનું એલાન

કપડવંજ નગરપાલિકા પ્રમુખ વર્ષાબહેન પંચાલે સમગ્ર કપડવંજ વિસ્તારમાં તથા અન્ય તાલુકા કક્ષાના સંગઠનોએ 26મી એપ્રિલ,2025ને શનિવારે સજ્જડ બંધ પાડવા અનુરોધ કર્યો છે. એપીએમસી તેમજ અન્ય વાણિજ્યક સંગઠનો દ્વારા પણ આ બંધને અનુમોદન આપવામાં આવ્યું છે. કપડવંજ તાલુકાના સમગ્ર બજારો તથા લારી ગલ્લાવાળાઓને પણ આ બંધમાં સામેલ થવા વિનંતી કરવામાં આવી છે. સમગ્ર બંધ દરમિયાન શહેર તથા તાલુકાભરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે રેવન્યુ તથા પોલીસ સત્તાવાળાઓ દ્વારા સક્રિય બનીને ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે. આ ઉપરાંત બંધના દિવસના અંતે સાંજે મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે આતંકી હુમલાના દીવંગત પામેલાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો સામુહિક કાર્યક્રમ યોજાશે.

ખંભાતના કાણીસા ગામના કુંડમાં યુવકે પડતુ મૂકી આપઘાત કર્યો

આપઘાત કરતા પહેલા યુવકે સોશ્યલ મિડિયા પર વિડીયો વાયરલ કર્યો

(પ્રતિનિધિ) ખંભાત તા.25

ખંભાતના કાણીસા ગામમાં આવેલા કામનાથ મહાદેવ મંદિરના કુંડમાં યુવકે પડતુ મુકી આપઘાત કર્યો હતો. આ આપઘાત કરતાં પહેલા તેણે તેની આપવીતી દર્શાવતો વિડીયો સોશ્યલ મિડિયા પર વાયરલ કર્યો હતો. આ ઘટનાથી પરિવારજનો શોકમગ્ન બની ગયાં હતાં. હાલ ખંભાત ગ્રામ્ય પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાતના કાણીસા ગામમાં આવેલા કામનાથ મહાદેવ મંદિરના કુંડમાં યુવકે પડતું મુકી આપઘાત કર્યો હતો. આ આપઘાત પૂર્વે યુવકે સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો હતો. કુંડની બહાર યુવકે પહેરેલા ચંપલ અને મંદિર પાસેથી બાઇક મળી આવી છે. હાલ પોલીસે યુવકના પરિવારની પૂછપરછ કરી પૃષ્ટિ કરી હતી. આ અંગે મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. ખંભાત ફાયર વિભાગ તેમજ આણંદ ફાયર ટીમ દ્વારા કૂંડમાં ડૂબેલા યુવકની શોધખોળ કરી હતી. શુક્રવારે બપોરના સુમારે કુંડમાંથી યુવકની લાશ મળી આવી હતી. જે ખંભાતના દેવની પોળ ખાતે રહેતા હિરેન અશોકભાઈ મહેતાનું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે મૃતદેહને કબજે લઈ સરકારી હોસ્પિટલમાં પી.એમ અર્થે મોકલી આપવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરી છે. જોકે, ક્યા કારણસર આપઘાત કર્યો તે અંગે પોલીસે પુછપરછ હાથ ધરી છે.

મહિસા ડબલ મર્ડરમાં યુવકના રિમાન્ડ લેવાયાં

પોલીસ પ્રશાસન દ્વારા 10 દિવસમાં ચાર્જશીટ કરવા કવાયત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

મહુધાના મહિસા ગામે થયેલી પ્રેમી યુગલની હત્યાના કેસમાં પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કર્યો છે. આરોપી પ્રકાશ ઉર્ફે પકો ચંદુ નિનામા (40, રહે. ઠાસરાના ખિજલપુર)ને કોર્ટે 8 દિવસના રિમાન્ડ પર મોકલ્યો છે.

ખેડા જિલ્લા પોલીસે હત્યારા પ્રકાશ ઉર્ફે પકો ચંદુ નિનામાને ઝડપી લીધો હતો. શુક્રવારે આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે 10 દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જોકે, કોર્ટે આરોપીના 8 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન પોલીસ અગત્યના પુરાવાઓ મેળવવા કામે લાગી છે તેમ તપાસ અધિકારીએ જણાવ્યું છે. આ સાથે જ પોલીસ સૂત્રો મુજબ 10 દિવસમાં આ સમગ્ર કેસની તમામ પાસા આવરી લઈ ઝીણવટભરી તપાસ કરી અને ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી દેવા માટે પણ કવાયત હાથ ધરાઈ છે. સમગ્ર બાબત એટલી તો ગંભીર હતી કે, ત્યાં ખુદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ આ કરૂણ દ્રશ્ય જોઈ ચોંકી ઉઠ્યા હતાં.

પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક કૃષિમાં રૂપાંતરિત કરવા તાલીમ અપાઇ

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 5 દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત કૃષિ સખી - કોમ્યુનિટી પર્સન માટે 5 દિવસીય તાલીમ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંશોધન નિયામક ડો. એમ. કે. ઝાલા, તથા વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. જે. કે. પટેલ, પ્રિન્સિપાલ ડો.એન. આઈ. શાહ વિગેરે હાજર રહ્યાં હતાં. આ તાલીમ કાર્યક્રમમાં 186 જેટલા કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન હાજર રહ્યાં હતાં.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડો. જે. કે. પટેલે ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરી સદર તાલીમ કાર્યક્રમનો હેતુ અને રૂપરેખા વિષે સર્વેને માહિતગાર કરેલ. ડૉ. એમ. કે. ઝાલાએ ઉપસ્થિત સર્વેને પ્રાકૃતિક કૃષિના વધી રહેલા વ્યાપ અને વર્તમાન સમયે તેની જરૂરિયાત વિશે જણાવ્યું હતું. તેઓએ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ વિશે માહિતી આપતા જણાવેલ કે, નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ કેન્દ્ર પ્રાયોજિત યોજના છે, જેનો ઉદ્દેશ્ય રસાયણમુક્ત અનેટકાઉ કૃષિને પ્રોત્સાહન આપવાનો છે.

વધુમાં, તેઓએ તાલીમ કાર્યક્રમમાં આવરી લેવામાં આવનાર પ્રાકૃતિક કૃષિની વિવિધ બાબતો જેવી કે, પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક કૃષિમાં રૂપાંતરિત થવાની તબક્કાવાર પ્રક્રિયાઓ, વિવિધ પાક પદ્ધતિઓ, પ્રાકૃતિક કૃષિ સાથે પશુપાલનનું સંકલન, જીવાત વ્યવસ્થાપન, રોગ વ્યવસ્થાપન વગેરે વિશે તાલીમાર્થીઓને જણાવેલ. તેઓએ પ્રાકૃતિક કૃષિમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સનની ભૂમિકાના મહત્વ વિશે જણાવેલ અને તેઓને પ્રાકૃતિક કૃષિના મહાયજ્ઞમાં ઉપયોગી યોગદાન આપવા માટે અપીલ કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225